

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

### સલામી સવારની..

પક્ષને પડછાયે પદ મળી જાય છે કાકા!
ને કીડી પણ કદી ધાબે ચડી જાય છે કાકા!
નડી જાય બળુકાને પણ સંગઠન-શક્તિ -
ચોર ને પણ કદી મોર મળી જાય છે કાકા!
(ફરિયાદ પાછી ખેંચવી પડી!)

### હાઈકુ

થઈ જવાની,
સોનાના સાવરણે -
પાવંદ વિધિ!
(જૂથવાદમાં...)

સત્તા ના લોભે,
બિચારી સુરક્ષા ય
ખાય પથ્થરા!
(કરૂણ મૃત્યુ...)

### ચિંતન

મત્યા પરીક્ષ્ય મેધાવી બુદ્ધ્યા સમ્પાદ્ય ચાસ કૃત ।
શ્રુત્વા દૃષ્ટ્વાથ વિજ્ઞાય પ્રાજ્ઞૈમૈંત્રીં સમાચરેત ॥

ઉપરોક્ત શ્લોક વિદુરનીતિમાંથી લેવામાં આવેલ છે.

બુદ્ધિમાન પુરુષે મનન દ્વારા પરીક્ષા કરીને (લોકો પાસેથી ગુણો) સાંભળીને, (સ્વયં તેમના કાર્યો વગેરે) જોઈને તથા સારી રીતે જાણીને મિત્રતા કરવી જોઈએ.

મિત્રતા બાંધતા પૂર્વે અનેક દષ્ટિએ પૂર્વ વિચારણા કરવી જોઈએ.

આજકાલ 'મૈત્રી' માત્ર સ્વાર્થ અને જરૂરિયાતનો પર્યાય બની ગઈ છે. સાચા મિત્રો મળવા મુશ્કેલ છે.

સંપૂર્ણ વિચારણા અને કસોટી પછી જ 'મિત્ર' અને મૈત્રી બાંધવી.

### સુવિચાર

- ફકીરો સમું પણ મારી પાસે જો જિગર હોત,
  ઘણી વાતો સરળ હોત ને ખુદા પણ હાથ પર હોત - **જલન માતરી**
- આત્મસંયમ વિનાની સભ્યતા આડંબર બની રહે છે - **કન્ફશિયસ**
- આપણે બધા મહાન થઈ શકતા નથી,
  પણ મહાન હોય એવા કોઈકની સાથે સંબંધિત થઈ શકીએ છીએ - **સંત રોબિન**
- સત્યની પરીક્ષા સત્યનો અમલ કરીને જ થઈ શકે - **જનકલ્યાણ**
- શેતાન એ ખરેખર શેતાન નથી, પણ ભગવાન થવામાં નિષ્ફળ જવાથી મુંઝાયેલો મનુષ્ય જ છે - **દર્શક**
- બાળક પ્રામાણિક થતા શીખે એ શિક્ષણની સાચી શરુઆત થઈ એમ સમજવું - **એસ. ભટ્ટાચાર્ય**
- આજનું ઔષધ : પા ચમચી મીઠામાં ચપટી મરીનો ભૂક્કો ભેળવી દુઃખતા દાંત પર લગાડવાથી રાહત થાય છે.

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

મહારાણા પ્રતાપના પુત્ર અમરસિંહે મેવાડની ઉત્તરે આવેલા રહીમખાનના શિબિર પર આક્રમણ કર્યું. રાત્રે રહીમખાનના સૈનિકો દારૂના નશામાં બેશુદ્ધ હતા અને મોકો જોઈને અમરસિંહે ઘણા બધા સૈનિકોને મોતને ઘાટ ઉતારી દીધા. આ મોગલોની જ યુદ્ધકળાનો નમૂનો હતો. મોગલો હંમેશા આવા જ યુદ્ધ કરવામાં હોંશિયાર હતા. પાછા ફરત વખતે અમરસિંહ દુશ્મનની શિબિરમાંથી હથિયાર વગેરે તો લુંટીને લાવ્યો જ હતો. સાથે સાથે રહીમખાનની બેગમ ઝીન્નતને પણ બંદી બનાવીને લઈ આવ્યો.

જયારે રાણા પ્રતાપને આ સમાચાર મળ્યા ત્યારે તેમણે અમરસિંહને ધમકાવ્યા કહ્યું, 'અમર, આવું નીચ કાર્ય કરતાં પહેલા તું મરી ગયો હોત તો સારું થાય. શું એક સ્ત્રીને બંદી બનાવતાં તને લાજ શરમ ન આવી? અમરસિંહ નતમસ્તકે ઉત્તર આપ્યો.' નિસંદેહ મેં બહુ નીચ કાર્ય કર્યું છે પિતાજી !! પરંતુ મોગલોને એમની ભાષામાં જ મેં શિક્ષા કરી છે તેઓ પણ આપણી બહેન-બેટીઓ સાથે કેવો દુર્વ્યવહાર કરે છે?' મહારાણા પ્રતાપે અમરસિંહની વાત ન સાંભળી અને તરત આજ્ઞા કરી કે આ સ્ત્રીઓને સન્માનપૂર્વક રહીમખાનને ત્યાં પહોંચાડી દેવામાં આવે.

# ટ્રમ્પની ગણતરીપૂર્વકની ચાલ

### તંત્રીસ્થાનેથી...

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ હિંમતપૂર્વક પોતે નક્કી કરેલા નવા કાર્યક્રમોને અંજામ આપી રહ્યા છે. પરંપરાઓ તોડીને તેઓ 'અમેરિકા ફર્સ્ટ' વાળી એમની રાજનીતિનો અમલ કરવા લાગ્યા છે. એ રીતે જોતાં તેઓ મોદીની 'ઈંડિયા ફર્સ્ટ' અને 'મેક ઈન ઈન્ડિયા' પૉલિસીનું અનુકરણ કરતા લાગે તે સ્વાભાવિક છે. વળી ચૂંટણી પ્રચાર દરમિયાન વિશ્વમાં ઈસ્લામિક આતંકવાદને ખતમ કરવા જરૂરી એવા ઈસ્લામિક રાષ્ટ્રો સામેનાં પગલાં ભરતાં પણ તેઓ અચકાયા નથી. છ મુસ્લિમ રાષ્ટ્રોના નાગરિકોને અમેરિકામાં પ્રવેશબંધી ફરમાવતો એમનો આદેશ ખૂબ જ ચર્ચાસ્પદ બન્યો હોવા છતાં અને નીચલી અદાલતોએ એની સામે મનાઈ હુકમ આપ્યો હતો છતાં તેઓ સુપ્રીમ કોર્ટમાં જઈ પોતાની તરફેણ કરતો ચુકાદો લઈ આવ્યા છે. ક્લિન્ટન શાસન દરમિયાન વ્હાઈટ હાઉસ ખાતે રમજાન દરમિયાન મુસ્લિમ નાગરિકોને ઈફતાર પાર્ટી આપવાની જે પરંપરા આરંભાઈ હતી એને ક્લિન્ટન પછી રાષ્ટ્રપ્રમુક બનેલા રિપબ્લિકન પ્રેસિડેન્ટ બુશે ચાલુ રાખી હતી. ઓબાતા તો મૂળે જ મુસ્લિમ પિતાનું સંતાન. એમના શાસનકાળ દરિયાન પણ આ ઈફતાર પાર્ટીનું આયોજન થતું રહ્યું હતું. આ પ્રકારના તુષ્ટીકરણને બિનજરૂરી ગણતા ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જેમ એમરિકાના નવા સુકાનીએ પણ મુસ્લિમ બિરાદરોને ઈદ મુબારક પાઠવી ઈફતારની પરંપરાનું અચ્યુત્તમ કેશવમ્ કરી દઈ એમના મજબૂત ઈરાદાની પ્રતીતિ કરાવી છે. આથી ઈસ્લામિક દુનિયામાં એક સંદેશ તો જરૂર ગયો છે કે ટ્રમ્પ કોઈના પ્રભાવમાં આવી જઈ એની વિચારધારા બદલે એ પ્રકારના પ્રમુખ નથી. પાકિસ્તાનને પણ આતંકવાદી પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત નહીં કરવાની તાકીદ કરીને એને અપાતી રહેતી સહાયને લોનમાં ફેરવવાની ફેરવિચારણા ડોનાલ્ડ ટ્રમ્પનો નવતર અભિગમ છે. પાકિસ્તાનના સહયોગની જરૂર હોવાને કારણે અમેરિકા એને બ્લેક લિસ્ટ નથી કરી શકતું તે જુદી વાત છે. અફઘાનિસ્તાનમાં દબદબો જાળવવા અને ઈરાન સામે આંખો કાઢવા માટે પાકિસ્તાનને સ્ટ્રેટેજિક પાર્ટનર તરીકે ટકાવી રાખવું પડે છે તે અમેરિકાની મજબૂરી છે. નહીંતર અમેરિકા પણ જાણે છે કે જે ક્ષણે પાકિસ્તાન સાથે છેડો ફાડી નાખશે તે જ ક્ષણે ચીન એની મદદમાં આવીને ઊભું રહેવાનું છે. ચીનના વધતા પ્રભાવને રોકવા અમેરિકાને ભારતને 'નેચરલ ફ્રેન્ડસ' કહી હાથ મિલાવવા પડે છે. ટ્રમ્પે જો કે ઓબામાની સ્ટાઈલમાં મોદીને બનાવટી ઉમળકો દાખવવાનું નાટક ટાળ્યું છે. ઓબામા શાસન દરમિયાન જ મોદી માટે અમેરિકા પ્રવેશ પર બંધી લદાયેલી અને પછી જયારે મોદી રાષ્ટ્રીય કક્ષાએ ઊપસી આવ્યા ત્યારે ઘૂંટણિયે પડીને એમને આવકારવા પડ્યા હતા. બેઉ નેતાઓની કેમિસ્ટ્રી મેચ થાય છે એવો પ્રચાર કરાયો હતો એટલું જ નહીં, બેઉએ સંયુક્ત લેખ લખીને એક જ પંથના પ્રવાસી હોવાની દુનિયાને પ્રતીતિ કરાવવાનો પ્રયાસ પણ કર્યો હતો. ટ્રમ્પ દુનિયામાં અને ખુદ અમેરિકામાં એમાં આત્યંતિક વલણો બદલ વગોવાયા છે. પરંતુ તેલંગાણામાં ભાજપ પ્રવક્તા બેઉ નેતાઓ સમાન વિચારધારા તથા સંકલ્પબળ ધરાવતા હોવાનું નિવેદન કરે છે તે સૂચક છે. જો કે અમેરિકા હરહંમેશ એનાં અંગત હિતોને જ અગ્રતા ક્રમે મૂકતું હોય છે. ટ્રમ્પ શાસને પ્રણાલી તોડીને ભારતને બે અબજ ડૉલરની કિંમતનાં સર્વેલંસ ડ્રોન વેચવાનો નિર્ણય લીધો છે, તે આ મુલાકાતની ઉપલબ્ધિ ગણાશે. ભારતને જરૂર તો લડાયક ડ્રોન વિમાનોની છે, પરંતુ અમેરિકાએ હાલ પૂરતાં સર્વેલંસ ડ્રોન આપીને મોદીની બાંધી મૂઠીની ગરિમા સાચવી લીધી છે. આગામી સમયમાં આ ડ્રોન સોદો ચીન સાથેના ભારતના સંબંણોને વણસાવી શકે છે, તે પણ અમેરિકા સુપેરે સમજે છે. ચીન સામે ભારતને મહત્ત્વ આપવાની ચાલ પણ બહુ સમજી વિચારીને ચાલવામાં આવી હોય તે સમજી શકાય એમ છે. નહીંતર આ જ ડોનાલ્ડ ટ્રમ્પે પેરિસ પર્યાવરણ સંધિમાંથી છટકી જઈ એથી તો ચીન અને ભારતને જ ફાયદો થતો હોવાનું નિવેદન કયાં નહોતું કર્યું?

# આખરે રક્તદાનનું મહત્ત્વ સમજાયું



## નવાં કલેવર

નટવર હેડાઉ

ટ્રીન... ટ્રીન... ટ્રીન... ફોનની ઘંટડી ઘણીવાર સુધી વાગતી રહી.

છેવટે માં એ જ ફોન ઉઠાવ્યો.

'હલ્લો કોણ...?'

હું સરકારી હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડમાંથી સિસ્ટમ સલમા બોલી રહી છે. જૂઓ ગભરાવાનું કોઈ કારણ નથી. પરેશને અકસ્માત થયો છે. તેના મોબાઈલમાંથી ઘરનો આ નંબર મળ્યો છે. જલ્દીથી હોસ્પિટલે પહોંચો.

'હોસ્પિટલ'માંના મોંએ થી ચીસ નીકળી ગઈ અને ગભરાટમાં હાથમાંથી ફોન છૂટી ગયો. બાજુના રૂમમાં વાંચન કરતી વિભાએ પણ માંના મોંઢેથી નીકળેલા હોસ્પિટલ શબ્દ સાંભળતાં તે છોડીને માં પાસે આવી.

'બા, શું થયું ? કોનો ફોન હતો?' વિભાએ પૂછ્યું.

'બેટા, સરકારી હોસ્પિટલમાંથી નર્સનો ફોન હતો. પરેશને અકસ્માત થયો છે.'

'કયાં ? કેવી રીતે અકસ્માત થયો.' વિભા પૂછવા લાગી.

'એ બધી કંઈ ખબર નથી. હોસ્પિટલે જઈએ ત્યારે જ ખબર પડશે.'

હાંફળાં ફાંફળાં મા- દીકરી બંને તૈયાર થયા. માં ને એક્ટીવા પર બેસાડી શહેરની ભીડભાડ વાળી સડક પર વિભા ઝડપભેર આગળ વધવા લાગી. માં દીકરી બંને હોસ્પિટલના ઈમર્જન્સી વોર્ડમાં પહોંચ્યા.

'ડૉકટર સાહેબ, પરેશભાઈને શું થયું છે?' વિભાએ ડૉકટરનો પુછ્યું. 'એ બધી વાત કરવાનો અત્યારે સમય નથી, એ ગ્રુપનું લોહી તાત્કાલિક જોઈશે. વ્યવસ્થા કરાવો.' હોસ્પિટલની બ્લડ બેંકમાં અત્યારે નથી.' ડોકટરે કહ્યું. 'સારું, ડૉકટર સાહેબ' કહેતા વિભાએ પોતાના મોબાઈલમાં નંબરો જોઈ એ ગ્રુપ ધરાવતી તેની કૉલેજની બે ઘનિષ્ટ સખીઓને ફોન કરી તાત્કાલિક સરકારી હોસ્પટિલે પહોંચવાનું કહ્યું.

અડધા કલાકમાં બ્લડની વ્યવસ્થા થઈ ગઈ. રક્તદાન કરીને બંને બહેનપણીઓ વિભા પાસે આવી. તેમમે વિભાની માં ને ચરણ સ્પર્શ કર્યો અને સાંત્વના આપતાં કહ્યું, 'બા, હવે ગભરાવાની જરાય જરૂર નથી. અમે રક્તદાન કરી દીધું છે અને પછી હસતાં હસતાં કહ્યું, 'રક્તદાન મહાદાન.' માં એ કૃતજ્ઞ નજરે વિભાની બહેનપણીઓને નીચેથી ઉપર સુધી ધ્યાનપૂર્વક જોઈ. તેમના ચહેરા આનંદથી પુલકિત હતા. કોઈ શારીરિક અશક્તિનાં લક્ષણ દેખાતાં ન હતા.

માં એ તેમને પુછ્યું, 'બેટા, રક્તદાન કરવાથી શરીરમાં અશક્તિ ન આવે? શું આ મારા મનનો વહેમ છે ?' 'હાં, બા! રક્તદાન કરવાથી ખરેખર કોઈ અશક્તિ આવતી નથી. વિભા જ કૉલેજની અનેક છોકરીઓને સાથે લઈ રક્તદાન ગ્રુપ ચલાવે છે. પરેશ અને તેના ઘણા મિત્રો પણ તેમાં સામેલ છે. ફરી બની જતું હોય છે.' વિભાની બહેનપણીઓએ માં ને સમજાવ્યું.

આ સાંભળીમાંની આંખમાં હર્ષના આંસુ છલકાવા લાગ્યા અને તેમને પોતાના જૂના રૂઢ થયેલા વિચારો જેવા કે રક્તદાન કરવાથી શરીરમાં અશક્તિ આવી જાય છે. તે અંગે ખુબ પસ્તાવો થવા લાગ્યો. અને આજથી ભણેલ ગણેલ સુશિક્ષિત નવી પેઢીના વૈજ્ઞાનિક વિચારો અંગે ગર્વની અનુભૂતિ થવા લાગી. તેમને આજે એ વાત યાદ આવતાં પોતાની જાત પર ગુસ્સો આવ્યો કે ત્રણ મહિના પહેલાં તેમની દીકરી વિભા રક્તદાનને કારણે કૉલેજથી પાછા ફરવામાં મોડી પડી હતી. ત્યારે તેમણે તેને ખુબ ધમકાવી હતી. પણ આજે તેમની આંખો ખુલી ગઈ અને રક્તદાનનું મહત્ત્વ સમજાયું હતું.

# લાગણી આપોઆપ થાય અથવા જિંદગીભર ન પણ થાય



## ગુલમહોર

દિનેશ દેસાઈ

હોલિવુડની જાણીતી અભિનેત્રી, મોડલ અને સિંગર સ્કારલેટ જ્હોનસન (જન્મ-૧૯૮૪)એ એક વાર કહ્યું હતું કે ''પ્રેમ એટલે હૃદયનાઊંડાણમાં અનુભવાતી લાગણીના ઝરણાનું વહેવું. આ બધું કુદરતી હોયછે. એના માટે કોઈ કૃત્રિમ પ્રયાસ કે પ્રયોગ કારગત રહેતા નથી.''

પ્રેમ વિશે તેણે આ વાત કરી ત્યારે તેણે પોતાના પ્રેમસંબંધના અનુભવ પણ વર્ણવ્યા હતા. સ્કારલેટ જ્હોનસને પોતાના પ્રથમ પ્રેમ અને બ્રેક-અપ વિશે પણ નિખાલસતાથી વાત કરી હતી. સારાંશ એ જ કે પ્રેમની ફિલિંગ્સ – લાગણી આપોઆપ થાય અથવા જિંદગીભર ન પણ થાય. જિંદગીમાં પ્રેમની લાગણી એક જ વાર થતી હોય છે, વારંવાર નહીં.

સને ૧૯૯૪માં માત્ર દસ જ વર્ષની ઉંમરે સ્કારલેટે પહેલીવાર ફિલ્મમાં કામ કર્યું. તેની આ પ્રથમ ફિલ્મ ''નોર્થ'' સને ૧૯૯૬માં રિલિઝ થઈ. સ્કારલેટ હોલિવૂડની મોડર્ન સેક્સ સિમ્બોલ તરીકે આજે જાણીતી છે. સ્કરાલેટને ''વિશ્વની સૌથી આકર્ષક સ્ત્રી'' (સેક્સિએસ્ટ વુમન એલાઈવ) તરીકે બે વખત સને ૨૦૦૬ અને ૨૦૧૩માં જાહેર કરવામાં આવી હતી. એક જ સ્ત્રીને બે વખત આ ખિતાબ મળ્યો હોય એવું પહેલી વાર બન્યું હતું.

પ્રેમ અથવા લાગણી રુપના ગુલામ હોઈ શકે નહીં. આ વાત એ રીતે કરીએ કે રુપ હોય તો જ પ્રેમ યા લાગણી મળે યા આવા સંબંધમાં રુપ હોય તો જ સફળતા મળે એવું હંમેશા હોતું નથી. સ્કારલેટ જ્હોનસન પાસે રુપ, ધન-દોલત અને શોહરત-નામના હોવા છતા તેનો બે-બે વાર પ્રેમભંગ-મોહભંગ થયો. પહેલી વારનો ટિન-એજ પ્રેમસંબંધ આગળ વધી શક્યો નહીં.

પ્રોફેશનલ કેરિઅરમાં રેયાન રેનોલ્ડ સાથે પરિચય થયો અને સંબંધ બંધાયો. તેની સાથે સને ૨૦૦૮માં પ્રેમલગ્ન કર્યાં. ત્રણ વર્ષનાં લગ્નજીવનના અંતે સ્કારલેટે સને ૨૦૧૧માં ડિવોર્સ લઈ લીધા. ત્રણ વર્ષ તેણે એકાકી જિંદગી ગુજારી અને ફરી એક વાર તેણે રોમેન ડ્યુરિક સાથેની લીવ ઈન રિલેશનશીપ બાદ સને ૨૦૧૪માં બીજી વાર લગ્ન કર્યાં. પહેલા લગ્નથી તેને એક સંતાન છે.

> પ્રેમમાં પડવા જેવું કશું હોતું નથી. પ્રેમ હંમેશા માણસને ઊર્ધ્વગતિ કરાવે, પતન ન કરાવે. પ્રેમ પામવાથી, પ્રેમ મળવાથી વ્યક્તિની જિંદગીમાં સદાય માટે વસંત ઋતુનું આગમન થઈ જતું હોય છે

પ્રેમની લાગણી જિંદગીમાં એક વાર થાય પણ ખરી અને ન પણ થાય. એટલે કે પ્રેમ પામ્યા વિના પણ માણસની જિંદગી સમાપ્ત પણ થઈ જાય. જીવનમાં કોઈને એક વાર પ્રેમની અનુભૂતિ થાય જ એવું જરુરી નથી. જાણે કે આ એક ઈશ્વરીય આશીર્વાદ જ છે. ખરી પ્રેમની અનુભૂતિ એક જ વાર થાય. એ પછી જે કંઈ થાય એને સમજુતી અથવા તડ-જોડનું નામ આપી શકાય, પ્રેમનું નામ આપી શકાય નહીં. બીજી વારનાં સંબંધમાં હંમેશા સમાધાન જ કરવાનું આવતું હોય છે.

પ્રેમમાં પડવું એવા શબ્દપ્રયોગ સામે એક વાર પૂજનીય મોરારિ બાપુએ એમ કહીને વિરોધ નોંધાવ્યો હતો કે આ અનુભૂતિમાં પડવાની કોઈ ઘટના જ નથી. પ્રેમ હંમેશા માણસને ઊર્ધ્વગતિ કરાવે, પતન ન કરાવે. પ્રેમ પામવાથી, પ્રેમ મળવાથી વ્યક્તિની જિંદગીમાં સદાય માટે વસંત ઋતુનું આગમન થઈ જતું હોય છે. ગુજરાતી લોકગીત પણ છે કે ''લવિંગ કેરી લાકડીએ રામે સીતાને માર્યા જો...''


પ્રેમ માણસને બાળક એટલે કે બાળક જેવા નિર્દોષ બનાવી દે છે. દોષરહિત, એટલે કે સંપૂર્ણ પવિત્ર. આમ પ્રેમ પામવાથી તો માણસ દોષરહિત બની જાય છે. આ અર્થમાં પ્રેમ કોઈ પણ સંજોગોમાં આદરપાત્ર હોઈ શકે, ધિક્કારપાત્ર પણ નહીં. પ્રેમમાં પ્રેમનો જ સરવાળો થાય છે. પ્રેમમાં હંમેશા ઊર્ધ્વગતિ જ હોય એટલે કે ઉન્નતિ થાય, થતી રહે. પ્રેમ પામનાર અને પ્રેમ આપનાર બે વ્યક્તિ પછી તો બે વ્યક્તિ મટીને એક જ વ્યક્તિ – એક જ અસ્તિત્વ થઈ જાય છે. બે જણા બે મટીને એક થાય ત્યારે છીપમાં ઝાકળનું (પાણીનું) ટીપું મોતી બની જાય છે.

**સ્ટોપર :**

''ગુંચવાય તે નહીં, પરંતુ ઉકેલાય તે સંબંધ.''

**- મોરારિ બાપુ**

# વિશ્વાસનો હેન્ડ પંપ...!! શ્રદ્ધાથી કરેલી કોઈ પણ પ્રાર્થના ખુશીઓનો વરસાદ લાવે છે...!!



## Hello ફ્રેન્ડસ

સંજય થોરાત

હિમાચલ પ્રદેશની પહાડીઓમાં 'સબ ભૂમિ ગોપાલ કી' કહીને ગોપાલ જંગલ ખૂંદવા નીકળ્યો હતો. વર્ષે એકાદવાર આમ અલગારી રીતે નીકળી પડવાનો એનો શોખ. ચાર દિવસના ભ્રમણ બાદ આજે એ જંગલમાં ભૂલો પડ્યો હતો. નેટવર્કને કારણે ગૂગલમેપ બંધ થઈ ગયું અને બે દિવસ ચાર્જિંગ વગર હવે નેટવર્ક વગરનો મોબાઈલ પણ સ્વિચ ઑફ થઈ ગયો. આજે તો એની પાસે રહેલું પાણી પતી ગયું...



આખો દિવસ ભટક્યા બાદ પણ સપાટ મેદાન પર કયાંક પાણી દેખાતું નહોતું. હવે જો પાણી નહીં મળે તો પ્રાણ નક્કી જશે એવો અહેસાસ ગોપાલને થઈ રહ્યો હતો. હતાશ થઈને એણે ચારે દિશાએ નજર ફેરવી, ન કોઈ પાણીના અણસાર ન આકાશમાં વાદળું, શક્ય એટલી નજર ખેંચી એણે જોવાનો પ્રયત્ન કર્યો. ભગવાનને મનોમન પ્રાર્થના કરી હાથમાં રહેલી ઘડિયાળની અંદરના હોકાયંત્રની સોય ઉત્તર દિશા બતાવે ત્યાં જેટલું ચલાય એટલું ચાલી પ્રાણ ત્યાગવો એવું વિચારીએ 'ઓમ નમઃ સિવાય' ના જાપ કરતો ચાલવા લાગ્યો...

એટલામાં જાણે પ્રભુએ એની પ્રાર્થના સાંભળી હોય એમ એને એક ઝૂંપડી દેખાઈ, એણે પોતાને ચૂંટણી ખણી કયાંક આ આભાસ તો નથી ને? કે પછી મૃગજળમાં એને ઝૂંપડી દેખાતી હોય! એ જે હોય તે, એનામાં અચાનક ઉત્સાહથી ભરતી આવી પગલાં ઝડપી ઉપડવા લાગ્યા. થાકેલું શરીર અને હારેલું મન ચેતનવંતા થયા. થોડા ડગલાં ચાલ્યા બાદ નક્કી થયું કે એ આભાસ નહોતો, સાચ્ચે જ ત્યાં ઝૂંપડી પતી...

એ ઝૂપડી ખાલીખમ હતી. ત્યાં કોઈ નહોતું કે કોઈના નિશાન પણ નહોતા. ઘણાં સમયથી આ ઝૂંપડીમાં કોઈની અવર-જવર નહીં હોય એવુંય લાગ્યું. છતાંય પાણી મળશે એ આશાએ ગોપાલ ઝૂંપડીમાં ગયો. અને ઝૂંપડીનું દશ્ય જોતા એ ઝબકી ગયો. આંધળો માણસ ભગવાન પાસે એક આંખ માંગે અને ભગવાન એક સાથે એક ફ્રી એમ બે આંખો આપે એવો જ ઘાટ ગોપાલનો થયો, કારણ ત્યાં એક હેન્ડ પંપ હતો...

> ઝૂંપડી જેની હતી બહુ જર્જરિત,
> આંખ એની ખૂબ આલિશાન છે.
> ખાંડની બોરીમાં થઈ ગઈ કેદ એ,
> એક કીડી કેટલી ધનવાન છે!
> - ભાવેશ ભટ્ટ

એ હેન્ડ પંપનો પાઈપ જમીનમાં ખોસેલો હતો. એમે એ પણ જોયું કે જમીનમાં ભીનાશ હતી, એટલે ત્યાં પાણી હશે એ વાત નક્કી, એના શરીરમાં અચાનક એનર્જી આવી, એણે પંપના હેન્ડલને હાથમાં લઈ જોરશોરથી ઉપર નીચે હલાવવાં લાગ્યો. પણ પાણી આવવાનાં કોઈ અણસાર દેખાયા નહીં. ખાલી પંપનો કોરો અવાજ આવતો હતો, એણે ઘણો પરસેવો પાડ્યો પણ પાણી ન જ આવ્યું, એ થાકીને ઢગલો થઈ ત્યાં જ બેસી ગયો. હવે એને પોતાનું મરણ હાથછેટું લાગવા લાગ્યું, ત્યાં જ એની નજર ખૂણામાં પડેલી બોટલ તરફ ગઈ...

અને એ ખુશખુશાલ થઈ ગયો. બોટલ પાણીથી પૅક થઈને પડેલી હતી. પાણી વરાળ થઈને ઊડી ન જાય એ માટે એ વ્યવસ્થિત બુચ મારીને બંધ કરેલી હતી. એણે ઝડપથી બોટલ ઉપાડી લીધી. અને ફટાફટ ખોલી નાંખી અને એ મોઢે માંડી પાણી ગટગટાવા જતો જ હતો ત્યાં એની નજર એના પર લગાડેલા કાગળ પર ગઈ. એના પર લખ્યું હતું, 'આ પાણી પંપ ચાલુ કરવા વાપરો, અને તમારું કામ પત્યા બાદ ફરીથી આ બોટલ ભરીને મુકવાનું ભૂલતા નહીં.'

હવે ગોપાલ સલવાયો. એના મનમાં પ્રશ્નોનું વંટોળ ઉઠ્યું. મનમાં જ પ્રશ્ન - ઉત્તરોનું દ્વંદ્વ શરુ થયું. શું કરવું? આ સૂચના તરફ દુર્લભ સેવીને સીધે-સીધું પાણી ગટગટાવી ચાલતી પકડવી? કે પછી સૂચના પ્રમાણે પાણી પંપમાં નાંખી, પંખમાંથી પાણી ખેંચવું ? ધારો કે સૂચના પ્રમાણે પાણી પંપમાં રેડું અને જો પંપ ખરાબ હશે તો? તો તો આ એક બોટલ પાણી વેસ્ટ જશે અને આખ્ખોય ખેલ ખતમ...

પણ... જો સૂચના ખરી ઠરી તો પાણી જ પાણી... હવે આ બોટલનું પાણી પંપમાં રેડવું કે નહીં? જોખમ લેવું કે નહીં? એણે ફરી ભગવાનને પ્રાર્થના કરી, ધ્રુજતે હાથે પાણી પંપમાં રેડ્યું, આંખો બંધ કરી ભોળાનાથને દિલથી વિનંતી કરી અને હેન્ડ પંપનો હાથો ઉપર નીચે કરવાની શરુઆત કરી. અને એની પ્રાર્થના ફળી, ધીમે ધીમે પંપમાં પાણીનો અવાજ આવવો શરુ થયો, અને થોડી ક્ષણોમાં પાણીનો ધોધ છુટ્યો....

આટલું બધું પાણી જોતાં એ પ્રાથમિક શાળાના વિદ્યાર્થીની જેમ પંપ નીચે હથેલી રાખી ઘટાઘટ પાણી પીવા લાગ્યો. એની પાસે રહેલી બધી બોટલ એણે પેક કરી લીધી, બે દિવસનો થાક ઉતારતા તેણે પહેરેલા કપડે નાહીં લીધું. અને છેલ્લે એણે પેલી બોટલ પણ પાણીથી છલોછલ ભરી બુચ મારી દીધું.

માનસિક અને શારીરિક શાંત થયા બાદ એ ત્યાં બેઠો ત્યાં બીજા એક પથ્થર નીચે એને એક કાગળ દેખાયો. એ કાગળ ઉપર એ એરિયાનો ડિટેઈલ નકશો હતો. અને એનો અભ્યાસ કરતા ગોપાલને ખબર પડી કે એ હજુ વસ્તુથી ઘણો દૂર છે. પણ હવે એ નિશ્ચિંત હતો કારણ એક તો એને દિશા ખબર પડી ગઈ અને બીજું એટલે એની પાસે પર્યાપ્ત માત્રામાં પાણી હતું.

એણે નીકળવાની તૈયારી કરી, સૂચના પ્રમાણે એ બાટલીને ખૂણામાં પાછી મુકી અને એ બાટલીના કાગળ ઉપર એણે પોતે એક લાઈન એડ કરી. 'વિશ્વાસ રાખીને આ પાણીને પંમ્પમાં રેડો, પાણી અવશ્ય આવશે જ.' જેવો ઝૂંપડી બહાર નીકળ્યો ત્યાં વરસાદ જોરથી તુટી પડ્યો.

આ વાતનું તાત્પર્ય એટલું જ વિશ્વાસ અને શ્રદ્ધા ખુબ જરૂરી છે. વિશ્વાસ મુકીને કરેલું કોઈ પણ કાર્ય વરસાદની હેલી લાવવા સમક્ષ છે. શું થવાનું છે? એ ખબર ન હોવા છતાં પ્રભુમાં શ્રદ્ધા એ કાર્યમાં વિશ્વાસ રાખી કુદી પડીએ જીવન પાણી પાણી છે?

**ચૂંટલો :**

વાદળાની સોનોગ્રાફી કરીને વરસાદ જાણી ન શકાય, એમ કેટલાંક કાર્યોને બંધમાં રમવાની મજા ઑર છે. વિશ્વાસ અને શ્રદ્ધા રાખીએ તો શામળશા શેઠ માત્ર નરસિંહ મહેતા માટે આવે એવું નથી, આપણા માટે ય આવી જ શકે, શ્રદ્ધાનું પાણી રેડી વિશ્વાસનો પંપ હલાવીએ એ પાણીનો ધોધ વહેવાનો જ!